# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૪૧ • તા. ૨૩ માર્ચ થી ૨૯ માર્ચ ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


# મહાજને જો મેડાવો

## રવિવાર, તા.૧૪ એપ્રિલ ૨૦૧૯

રામજી અંદરજી વાડી, ચંદાવરકર લેન, માટુંગા(ઈસ્ટ), સે.રે.

Shree Samast KDO Jain Mahajan | www.kdosamastmahajan.org

આજની સૌથી મોંઘી વસ્તુ છે,

"વિશ્વાસ"

જે સૌને જોઈએ છે.

પણ કોઈ કરતું નથી

-અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-ઃ સંપાદક ગણ ઃ-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણીલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તીલોકચંદ નરશી દંડ

કિર્તીકુમાર ધનજી ધરમશી



**-ઃ કાર્યાલય ઃ-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building,
Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.

Tel. 9769991922
9833406124

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.kdosamastamahajan.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ ઃ** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# આધુનિકતાની અવળી અસર

આજ રોજ બ રોજ નવી ટેકનોલોજીનું આગમન થતું રહે છે. જેને લીધે શારીરિક શ્રમ પડે એવું કાર્ય ઓછું થતું જાય છે. અગાઉના સમયમાં જ્યારે લાઈટ ન હતી. આકાશ સામે નજર કરી વહેલી સવારના કેટલા વાગ્યા છે. એનાં અડસટો કરતાં ઋતુ પ્રમાણે સૂર્યોદયનો સમય થાય એ પ્રમાણે સવારના કેટલા વાગ્યા છે. એનો અંદાજ મળી જતો.

તળાવ-કૂવે પાણી ભરવા, કપડા ધોવા જવા પડતું હતું. લોટ દળવાની ચક્કી ન હતી. ઘરે પત્થરની ઘંટીમાં દળણ દળાતું. સ્ટીલના વાસણ ન હતા. માટીની કૂલડી, તાવડીને છાણા ઈંધણ ઉપર રસોઈ થતી. જેનો સ્વાદ, એની મિઠાશ અને લહેજત અલગ હતી. ઘરના દૂઝણ હતા. ચોખ્ખા હવા-પાણી અને દૂધથી શરીરમાં નરવાઈ હતી. જોમ-જોશ અને સાચી તાકત હતી. અન્ન તેવું મન એ ઉકિત પ્રમાણે માણસો દિલ, વિચાર અને આચાર શુદ્ધ હતા, ચોખ્ખા હતા. માનસ નિઃસ્વાર્થ પરગજુ અને અન્ય ધર્મ પ્રત્યે આદર માન ધરાવતું હતું. ધર્મ જાતના ભેદ હતા. તોય સૌ એકબીજા પ્રત્યે હેત ભાવ લાગણી ધરાવતા હતા.

જમાનો જેમ જેમ પલટાતો ગયો, વિજ્ઞાનનો પ્રભાવ વધતો ગયો. આધુનિકતા આવતી ગઈ તેમ તેમ દૂષણો પ્રવેશતા ગયા. માનવીના ચોખ્ખા મન મેલા થતા ગયા. શિક્ષણનો પ્રભાવ વધતો ગયો. તેમ તેમ સ્વાર્થ પણું વધતુ ગયું. આપણું ની ભાવના લુપ્ત થઈ. અમારું ની ભાવનાનો પ્રભાવ વધતો ગયો. નાત જાત ધર્મમાં કટ્ટરતા આવતી ગઈ. જે નયનોમાં માણસ માત્ર માટે નેહ, આદર અને પ્રેમનો ભાવ હતો. ત્યાં ધર્મ ઝનુનતા, સ્વાર્થી પણું અને મારું મમત્વની લાગણી પ્રબળ થઈ ગઈ.

કુટુંબ નાના થતા ગયા, મન સાંકડા થતા ગયા. ગામડાઓ તૂટી શહેર વિસ્તાર વધતો ગયો. પરિવારમાં ચાર સભ્યો વચ્ચે પણ દીવાલો થઈ ગઈ. આધુનિક ટેકનોલોજીની ચુંગલમાં જણ વ્યક્તિ બંધાતો ગયો, ગુલામ થઈ ગયો. વિજ્ઞાનના વધતો પ્રભાવને માણસ માત્રને દૂષણમાં લપેટમાં લઈ લીધો. આળસ, ઉજાગરા નિતનવા વ્યસનમાં પોતાની જાત ખૂંપાવી દીધી. મોર્ડન ઉપકરણોનો પ્રયોગ કરી જ્ઞાન વધારતો ગયો પણ માનવતાના અજ્ઞાન થી આંધળો બનતો ગયો.

વડીલોની અવહેલના તેમની મરજાદ, માન મલાજો નેવે મૂકી ગુમાની થઈ ગયો. જમીનથી બે વેંત ઊંચે ચાલવા લાગ્યો. આ ઘોડા દોડ અવિરત ચાલી રહે છે. દિવસો દિવસ વધતી રહી છે. જેનો અંત કે આરો દેખાતો નથી. સાચી સમજણ અને ઊંડી તર્ક ભાવનાથી આજનો માનવી મોર્ડન દૂષણોથી આછો પાતળો લપેટાશે ઓછો ખરડાશે. આજના સમય માટે એટલું જ કહી શકીએ કે વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.

- જ્ઞાતિમૈયા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન દ્વારા 'મહાજને જો મેડાવો'

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન દ્વારા નલિયા મધ્યે યોજાયેલ ચતુર્થ જ્ઞાતિ સંમેલનમાં સર્વાનુમતે વિવિધ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટો શરૂ કરવાનો સંકલ્પ કરાયો. જેના અનુસંધાને જ્ઞાતિજનોને અપાયેલ વચન માટે શું પૂર્તતા થઈ એની રીવ્યુ મિટીંગ માટે તા.૧૬ અને ૧૭ માર્ચ શનિવારે વીએલવીજી ઘાટકોપર મધ્યે વિવિધ કમિટીઓની લેવાઈ. જેમાં સૌ કમિટીએ પોતપોતાના પ્રોજેક્ટના રીવ્યુ દ્વારા પ્રગતિનો અહેવાલ રજૂ કર્યો હતો.

આ રીવ્યુને આગળ વધારતા એક ભવ્ય મિલન મેડાવો તા.૧૪ એપ્રિલ ૨૦૧૯ રવિવારના મહાજને જો મેડાવો અંતર્ગત રામજી અંદરજી વાડી, ચંદાવરકર લેન, માટુંગા(પૂર્વ) સે.રે. મધ્યે સવારે ૧૦ કલાકથી આયોજિત કરાયો છે. મેડાવાના વિધિસર સમય આયોજિત પ્રમાણે સવારના ૧૦ થી ૧૨ સમસ્ત મહાજન મહાસમિતિની માત્ર સભ્યો માટેની મિટીંગ, બપોરે ૧૨ થી ૨ ભોજન વિરામ. બપોરે ૨ થી ૨.૩૦ જનરલ સેક્રેટરી દ્વારા મહાજન પ્રતિનિધિઓને આવકાર અને ચતુર્થ સંમેલનનો વિસ્તૃત અહેવાલ વાંચન, ૩ થી ૩.૩૦ મેડિકલ સપોર્ટ સ્કીમ સંજીવનીનું લોન્ચીંગ મેડિકલ કમિટી દ્વારા, બપોરે ૩.૩૦ થી ૪. દિવ્યાંગ સપોર્ટ સ્કીમ માઈનોરિટી કમિટી દ્વારા, બપોરે ૪ થી ૪.૩૦ હાઈ ટી બ્રેક સાંજે ૪.૩૦ થી ૫ સિનીયર સિટીઝનો માટે સ્વાભિમાન યોજના, સાંજે ૫ થી ૫.૩૦ એજ્યુકેશન અપલિફ્ટીંગ સ્કીમ ઉડાનનું લોન્ચીંગ, ૫.૩૦ થી ૬ યુવા માટેનો પ્રોગ્રામ, સાંજે ૬ થી ૬.૩૦ નારી શક્તિ વિઝન પ્રોગ્રામ, ૬.૩૦ થી ૭ જીવદયા અને આવાસ યોજના વિશે, સાંજે ૭ થી ૭.૩૦ વિવિધ કમિટીઓ પાસેથી વિગત સમજ, સાંજે ૭.૩૦ થી ૮ સુધી સમસ્ત મહાજન સેક્રેટરી જનરલ દ્વારા નિર્ણયાત્મક વિચારો માર્ગદર્શન અને આભારદર્શન અને રાતે ૮ કલાકે રાત્રિ ભોજન.

મહાજને જો મેડાવામાં શ્રેષ્ઠીવર્યો એકમ અને મહાજનોના પ્રમુખ મંત્રીઓ, મહાસમિતિ સભ્યો, સમસ્ત મહાજનોની વિવિધ કમિટીઓના સભ્યો આ મેડાવામાં હાજર રહી વિવિધ પ્રોજેક્ટોના ભવ્ય લોન્ચીંગના સાક્ષી બને એ માટેનું વિધિવત આમંત્રણ છે.



# ડિસ્ટ્રીક એમ્ચયોર પાવર લિફ્ટીંગ વિજેતા ઈરા મેહુલભાઈ મેપાણી (નાગડા)




મૂળ કચ્છ પરજાઉના હાલે ચેમ્બુરના ઈરા મેહુલભાઈ મેપાણી (નાગડા) તા. ૧૭ માર્ચ ૨૦૧૯ રવિવારના પાલઘરમાં યોજાયેલ ડિસ્ટ્રીક એમ્ચયોર પાવર લિફ્ટીંગ કોમ્પિટિશનમાં પ્રથમ વિજેતા બની સુર્વણ ચંદ્રક મેળવ્યું છે. તેણીએ ૧૧૦ કિલો સ્કૂઅર, ૪૫ કિલો બેંચ પ્રેસ અને ૧૧૨.૫ કિલો ડેડ લિફ્ટ દ્વારા મલી કુલ ૨૬૫ કિલો વજન ઊંચકી પોતાનો સર્વ શ્રેષ્ઠ પર્ફોમન્સ આપી. સ્પર્ધામાં અવલ રહી હતી.

ઇરા પાવરલિફ્ટીંગના ક્ષેત્રમાં સફળતાના સોપાન શી રીતે ચઢી તે વિષે ઉત્સાહથી વાત કરતાં તેના ૪૬ વર્ષીય પિતા મેહુલ મેપાણી ઉત્સાહથી કહે છે, '૩૯ વર્ષની ઉંમરે મેં પોતે ફીટ રહેવાના આશયથી ઘરમાં વર્ક આઉટ કરવાનું શરૂ કર્યું. ઘરમાંની કસરત મને જીમ સુધી લઈ ગઈ અને એમ કરતાં કરતાં થોડા વર્ષ પહેલાં કે-૧૧ એકેડેમીમાંથી મેં પર્સનલ ટ્રેનરનો કોર્સ પૂર્ણ કર્યો. ઈરાએ પણ ગયા વર્ષે જ કે-૧૧ કોર્સ પૂર્ણ કર્યો. આ કોર્સથી પાવર લિફ્ટીંગના ક્ષેત્રમાં ઝડપથી પ્રગતિ થઈ અને મેં પ્રથમ વખત મુંબઈ પાવર લિફ્ટીંગ કોમ્પિટિશનમાં મેં મારી જીમનું પ્રતિનિધિત્વ કર્યું.'

આ પછી મને મારા કુટુંબને આ સ્વાસ્થ્યવર્ધક પ્રવૃત્તિમાં સહભાગી કરવાની ઈચ્છા થઈ. એક વખત મારી (હવે) ૧૬ વર્ષની પુત્રી ઈરા સાથે વર્ક આઉટ કરતાં મારા ધ્યાનમાં આવ્યું કે તે કુદરતી રીતે શક્તિશાળી છે. ખરેખર તો તે વર્કઆઉટની શરૂઆતમાં જ એટલી શક્તિશાળી હતી જેટલો હું ૩-૪ વર્ષના હોમ-જી મિંગ પછી હતો!

એક વખત આ ક્ષેત્રમાં પ્રવેશ્યા બાદ ઈરાએ પાછળ વળીને જોયું નથી. આજ સુધી જેટલી સ્પર્ધાઓમાં તેણે ભાગ લીધો છે એ બધી જ સ્પર્ધાઓમાં તે વિજયી નીવડી છે. જીલ્લા સ્તરેથી રાજ્ય સ્તરે અને નેશનલ લેવલ પર તેની વિજય યાત્રા વણથંભી રહી છે.

ઈરાએ જેમાં જીત મેળવી છે તેવી કેટલીક મહત્વની સ્પર્ધાઓ આ પ્રમાણે છે.

- સુબ્રતા ક્લાસિક ઈન્ટરનેશનલ પાવર લિફ્ટીંગ ચેમ્પિયનશીપ (સુવર્ણ પદક, પાવર લિફ્ટીંગ)
- સુબ્રતા ક્લાસિક ઈન્ટરનેશનલ પાવર લિફ્ટીંગ ચેમ્પિયનશીપ (સુવર્ણ પદક, ડેડ લિફ્ટીંગ)
- નેશનલ ઈન્ટર સ્કૂલ પાવર લિફ્ટીંગ ચેમ્પિયનશીપ (રજત પદક)

ઈરાનો નાની ઉંમરમાં જ આ ક્ષેત્રમાં પ્રવેશ એ તેનું સૌથી મોટું જમાપાસું છે. તે જે સ્પર્ધાઓમાં ભાગ લે છે તેમાની ઘણખરીમાં તે સૌથી નાની વયની સ્પર્ધક હોય છે. તેણે તેની શક્તિઓને પિછાણી લીધી છે. ઘણ ખરી છોકરીઓ ૧૭-૧૮ વર્ષની ઉંમરે આ ક્ષેત્રમાં પ્રવેશ કરે છે. જ્યારે ૧૬ વર્ષની ઉંમરે અનેક સ્પર્ધાઓ જીતી અન્ય સ્પર્ધકોથી ઘણી આગળ છે. એક પિતા તરીકે મારૂં પણ રમતગમતના એ જ ક્ષેત્રમાં હોવું પણ તેના માટે લાભકારક છે. સમગ્ર કુટુંબ તથા સગા-સ્નેહીઓ તરફથી મળતું પ્રોત્સાહન તેના માઈન્ડ સેટને પોઝીટીવ રાખે છે.

ઈરા હાલમાં ઓલિમ્પિક વેઈટ લિફ્ટીંગની તાલીમ લઈ રહી છે. તે ઉપરાંત બે ક્લાયન્ટ્સને અન્ય સ્પોર્ટ્સમાં ટ્રેનર તરીકે તાલીમ પણ આપી રહી છે.

ગયા વર્ષે તેણે એસ.એસ.સી.ની પરીક્ષાને કારણે કોઈ સ્પર્ધામાં ભાગ લીધો નહોતો. પરંતુ તાજેતરમાં જ બે નાની સ્પર્ધાઓ જીતીને જોરદાર કમબેક કર્યું છે. જેમાં ઓપન એમેચ્યોર ડેડ લિફ્ટ કોમ્પિટીશન (સિલ્વર અને ઓપન એમેચ્યોર પાવર લિફ્ટીંગ કોમ્પિટીશન જેમાં ઈરાએ સ્કેવટમાં ૧૧૦ કિ.ગ્રા + બેન્ચ પ્રેસમાં ૪૫ કિલો + ડેડ લિફ્ટમાં ૧૧૨.૫ કિ.ગ્રા. એમ કુલ ૨૬૫ કિલો વજન ઉંચકી તેનો વ્યક્તિગત શ્રેષ્ઠ દેખાવ કરતાં ગોલ્ડ મેડલ હાસિલ કર્યો છે.

# શત્રુંજય ગિરિરાજ ઉપર લીલી પરબનો કાયમી વહીવટ અને સંચાલનના લાભાર્થી માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર

શેઠશ્રી નરશીનાથા ચેરિટે ટ્રસ્ટ ફંડના ઉપક્રમે ટ્રસ્ટના પદાધિકારીઓ દ્વારા તા. ૧૯ માર્ચ ૨૦૧૯ મંગળવારના મંજૂરી અપાઈ તે મુજબ પવિત્ર શત્રુંજય ગિરિરાજ ઉપર આવેલ લીલી પરબનો કાયમી વહીવટ અને સંચાલનનો સંપૂર્ણ લાભ માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા હસ્તે નિશાબેન હિતેશભાઈ મોતા ગામ કચ્છ રાપર ગઢવાળી પરિવારને અપાયેલ છે. શાસનના અનેક સુકૃત કાર્યો, મોતા પરિવાર દ્વારા હર હમેશ થાય તેવી ભૂરી ભરી અનુમોદના.



# શ્રી કચ્છ સાંધાણ દશા ઓસવાલ જૈન મહાજનની વાર્ષિક સામાન્ય સભા સ્નેહમિલન અને સરસ્વતી સન્માનનું આયોજન

શ્રી કચ્છ સાંધાણ દ.ઓ.જૈન મહાજન તથા શાંતિનાથજી જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડસ દ્વારા સાંધાણ ગામવાસીઓ અને નિયાણી બહેનાની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા.૭ એપ્રિલ ૨૦૧૯ના સવારે ૧૦ કલાકે ભાગીરથ બેન્કવેટ, ગોપૂરમ હોલ પાસે, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (પશ્ચિમ) સ્થળે યોજાઈ છે. વાર્ષિક સભા બાદ સ્નેહમિલન અને પ્રીતિ ભોજનનું આયોજન છે.

વાર્ષિક સામાન્ય સભામાં અસાધારણ સભાની મિનિટસનું વાંચન તથા બહાલી, ઓડિટ હિસાબોની રજૂઆત તથા મંજુરી. ઓડિટરની નિમણુંક, મહાજનશ્રી તથા દેરાસરજીની પ્રવૃત્તિઓની રૂપરેખા, આગામી વર્ષ માટે લાભાર્થી દાતા, ભાગ્યશાળીઓ પાસેથી નવા નકરાના અનુદાન, દેરાસરજી, ભોજનાલય તથા અતિથિગૃહ માટે કાયમી નિભાવ ફંડ માટે અનુદાન. આગામી ૧૬૬મી વર્ષગાંઠના વિવિધ પ્રસંગોના ચડાવા, આગામી પર્યુષણ પર્વમાં સહભાગ લેવા માદરે વતન જવાના નામ નોંધવામાં આવશે.

સાંધાણ યુથ ફ્રન્ટ દ્વારા ગામાઈ પરિવારના વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન કરાશે. જે માટે રીઝલ્ટની ઝેરોક્સ કોપી આ કાર્યક્રમ અગાઉ નુરેશ પટેલ-૯૮૧૯૭૬૩૩૮૯ અથવા મિત મૈશેરી-૯૯૬૭૩૮૦૩૪૭ને મોકલી આપવી. સરસ્વતી સન્માન ઈનામ વિતરણના દાતા માતુશ્રી પુષ્પાબેન પ્રવીણચંદ્ર કાંકલ પરિવાર જલગામવાળા છે.

વાર્ષિક સભા દરમ્યાન વર્ષ દરમ્યાન ઉગ્ર તપસ્યા જેવી કે અઠાઈ તપ, વરસી તપ, ૯૯ યાત્રા, આયંબિલ ઓળી કે અન્ય તપ કરેલ તપસ્વીઓની અનુમોદના તથા રમત ગમત સાંસ્કૃતિક ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરેલ. ભાગ્યશાળીનું સન્માન શ્રી તિલક જેઠાભાઈ મૈશેરી પરિવાર તરફથી સન્માન કરવામાં આવશે. જે માટેના નામો પૂરી વિગત સાથે કાર્યકરોને મોકલી આપવા.

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ

સમસ્ત મહાજને જ્ઞાતિનાં વૈદકીય (મેડિકલ) સેવા માટે 'સમસ્ત મહાજન મેડિકલ સમિતિ' ની રચના ૬ માસ પહેલાં કરેલ હતી. મેડિકલ સમિતિએ મુંબઈમા ૭ હૉસ્પિટલ સાથે ટાઈઅપ કર્યુ છે. જેમાં ૯૦% થી ૨૫% સુધીનું ડિસ્કાઉન્ટ તેમની ઓટીપી તેમજ હૉસ્પિટલ સેવાઓમાં ક.દ.ઓ. જ્ઞાતિજનોને અપાશે. વિવિધ ટેસ્ટીંગ માટે મેટ્રોપોલિસ સંસ્થા તરફથી ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. આ કંપનીની ભારતભરમાં શહેરોમાં શાખાઓ છે. સંમેલન વખતે પણ ત્રણે સંમેલનમાં મેડિકલ સમિતીએ રજુઆતો કરી હતી. જ્ઞાતિના ગણમાન્ય ડૉક્ટરો ખાસ કચ્છ પધાર્યા હતા અને સંમેલનમાં ઉદ્‌બોધન કર્યુ હતું.

સંમેલનમાં 'સંજીવની' યોજનાનો ઠરાવ પસાર થતાં મેડિકલ સમિતિઓ આ યોજના કાર્યાન્વીત કરવા પ્રયત્નો શરૂ કરેલ છે અને એપ્રિલ માસમાં જ આ યોજનાનો લાભ જ્ઞાતિજનોને મળતો થઈ જશે.

જેમની કૌટુંબિક માસિક આવક ૨૦૦૦૦ કે તેથી ઓછી હશે તે આ યોજનાનો લાભ લઈ શકશે. શક્ય હોય તો જ્ઞાતિજનોએ પોતાના મેડિકલ કુટુંબનું ફ્લોટર મેડિકલ ઈન્સ્યુરન્સ લેવું જોઈએ કે જેથી નાની નાની બીમારીઓમાં તેનો લાભ મળે. આપને કોઈ તકલીફ થાય અને તેની સારવાર લાંબી ચાલે કે ઓપરેશન કરાવવાની સલાહ મળે તો આપની પૂરી વિગત સાથે સારવારના કાગળ ઈ-મેઈલ થી સંજીવની ટીમના ચેરમેનને આપના ગામના મહાજનના કાગળ સાથે મોકલી આપવા.

આ કાગળો મળેથી ડૉક્ટરોની પેનલમાંના તે વિષયના ડૉક્ટરોની સલાહ લેવાશે અને ટ્રીટમેન્ટ બરાબર રીતે થઈ રહી છે ની રજા મળેથી 'સંજીવની' એપ પર આપના નામ સાથે ક્રાઉડ ફંડીંગ માટે મૂકાશે. ડૉક્ટરોની પેનલને જરૂર પડે તો આપના ડૉક્ટર સાથે પણ વાત કરશે.

'ક્રાઉડ ફંડીંગ'માં ક.દ.ઓ. જ્ઞાતિજનો રૂા. ૧૦૦/-થી કરીને તેમને જે ઠીક લાગે કે કેટલી જરૂરીઆત છે મુજબ પોતાના ફાળા નોંધાશે. અને આપે માંગેલ રકમ ભરાઈ જતાં આપનું ક્રાઉડ ફંડીંગ બંધ થશે અને પૈસા આપની હૉસ્પિટલના નામે તેમના ખાતામાં જમા કરાશે.

આપની ટ્રીટમેન્ટ પૂરી થયેથી અમને બધી વિગત (હોસ્પિટલની રસીદ, ડીસ્ચાર્જ કાર્ડ) મોકલવાના રહેશે. કે જેથી તેનો પ્રોપર રેકોર્ડ રહે.

જેમની કૌટુંબિક આવક રૂા. ૨૦૦૦૦/- માસિકથી વધુ હોય તો પોતાનું મેડિકલ ઈન્સ્યુરન્સ જરૂર કઢાવવું ત્યાં તમારા ગામના અથવા બાજુમાં મોટાભાગના મહાજનના સ્વાસ્થ મિત્ર આપને એ બાબતમાં મદદ કરી શકશે.

આ યોજનાની તૈયારી થતી હતી તેવામાં ભુજોડી (કચ્છ) ખાતે રહેતા લલિત કલ્યાણજી શાહને, લીવરની બિમારીનું બરાબર નિદાન ન થતાં, મુંબઈ તેની બહેનને ત્યાં ડોંબિવલી આવી ટ્રીટમેન્ટ લીધી. તેવામાં તેમના કુટુંબ તરફથી વિનંતિ આવતાં તેમને થાણાની જ્યુપિટર હોસ્પિટલમાં કે જ્યાં મેડીકલ સમિતિના ચેરમેન મનીષા શાહ સંલગ્ન છે. રીફર કરાતાં તેમનું નિદાન થયું. રૂા. દશ લાખનો ખર્ચ આવશે જણાવાયું. મનીષાબેન અને હોસ્પિટલની વિનંતીથી દવા બનાવતી કંપનીએ ૪ લાખની દવા આપવાનું સ્વીકાર્યું. બાકીના ૬ લાખ માટે જ્ઞાતિ સમક્ષ ટહેલ નખાતાં આજ સુધી રૂા.૬.૦૭ લાખ જમા થયા છે. ટ્રીટમેન્ટ ચાલુ છે. ડૉ. ને હિસાબે સારું થઈ જશે કદાચ લીવર ટ્રાન્સપ્લાન્ટ (ખર્ચ ૧૦ થી ૧૫ લાખ) કરાવવું ન પણ પડે. આમાં સુથરી મહાજન અનંતનાથજી ટ્રસ્ટ, મુંબઈ મહાજન એવં અન્ય મહાજનો/એકમોએ હૈદ્રાબાદના જ્ઞાતિજનો એવં ભૂજના નગરજનોએ સારો પ્રતિસાદ આપ્યો છે. ધન્યવાદ.

ડોંબીવલી રહેતાં હંસકુમાર ખોનાને કરોડરજ્જુમાં ટી.બી.ની અસર થતાં, હલન ચલન બંધ થતાં અને જ્યુપિટરમાં બતાવતાં તુરંત ઓપરેશનની સલાહ મળી. મોટી ખાવડી મહાજન, મુંબઈ મહાજન, અનંતનાથજી ટ્રસ્ટ તેમજ એકમો/મહાજનોએ તુરંત મદદ મોકલી રૂા.૩.૧૧ લાખ ભેગા થયા. ઓપરેશન થઈ ગયું હવે બરાબર ચાલે છે. એમનો વિડિયો મીડીયામાં મુકાયેલ છે.

આમ સ્કીમ લોંચ થશે તે પહેલાં અમારું સેવાકાર્ય ચાલુ થઈ ગયું છે. ૧૦૦થી વધુ કેડીઓની વસ્તી ધરાવતા મુંબઈ ૨૪ અને ભારતભરના અન્ય ૩૩ ગામોના મહાજનોએ બે બે પ્રતિનિધિ 'સ્વાસ્થ મિત્ર' તરીકે મોકલ્યા છે. જે અમારા માટે ભારતભરમાં સપોર્ટ ટીમ રહેશે અને પોતાના ગામ માટે ઈમરજન્સી ટીમ રહેશે. તા.૧૩-૪-૨૦૧૯ના મુંબઈમાં પ્રથમ કેડીઓ સ્વાસ્થ્ય મિત્ર કોન્ફરસનું આયોજન વીએલવીજીમાં છે. જ્યાં તેમને તેમના કાર્ય બાબત જાણકારી અપાશે. આ કાર્યક્રમ મેડીકલ સમિતિ પોતે સ્પોન્સર કરી રહી છે.

# કચ્છ બારોઈ જિનાલયનો ધ્વજારોહણ મહોત્સવ ભાવપૂર્ણ રીતે સંપન્ન





કચ્છ બારોઈ ગામના જિનાલયનો ધ્વજારોહણ મહોત્સવ ભાવપૂર્ણ રીતે સંપન્ન થયો. સાધ્વી મહારાજ સાહેબોની નિશ્રામાં અને સકળ સંઘના સહભાગથી આ પ્રસંગે રૂડો બની રહ્યો હતો.

મુંદ્રા તાલુકાના બારોઈ ગામમાં મુખ્યત્વે સ્થાનકવાસી પરિવારો છે. કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના દેરાવાસી પરિવારના ઘરો પણ છે. ધ્વજારોહણ પ્રસંગે ૧૮ અભિષેક સહિતના પ્રસંગો ભવ્યતાથી થયા.









# ડોંબિવલી નગરે નવકાર મંત્ર ભાષ્ય જાપનો આરંભ

રવિવાર તા. ૧૭ માર્ચ ૨૦૧૯ રોજે ડોંબિવલી સંઘમાં નવકાર મંત્રના ભાષ્ય જાપના પ્રથમ મણકાની શરૂઆત વિધિકાર જિગ્નેશ નાગડા-ગઢશીશા વાળાના સથ વારે થઈ. આ પ્રસંગો વિશાળ સમુદાય જેમાં ભાઈ બહેનોની હાજરી રહી હતી. બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવારના સર્વે પદાધિકારીઓ, મુંબઈના વિવિધ નવકાર જાપ સેન્ટરના પ્રતિનિ ધિઓની આત્મીય ઉપસ્થિતિ રહી હતી. સૌએ આનંદ ઉલ્લાસ પૂર્ણ રીતે કાર્યક્રમ માણ્યો હતા.







# પ્રધાનમંત્રી મુદ્રા લોન યોજનાનો લાભ કઈ રીતે લઈ શકાય?

દેશમાં અનેક લોકો પોતાનો વ્યવસાય શરુ કરવા માંગતા હોય છે, પરંતુ એ માટે જરૂરી બેન્ક લોન એમને મળી શકતી નથી, જેના પરીણામે એમણે ખાનગી શાહુકારો પાસેથી ઊંચા વ્યાજે લોન લેવી પડતી હોય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આવા લોકોને મદદરૂપ થવા ૮મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ વડા મંત્રી મુદ્રા લોન યોજના શરુ કરી છે. આ યોજના માઇક્રો યુનીટ્સ ડેવલપમેન્ટ એન્ડ રિઇન્ફોર્સમેન્ટ એજન્સી (મુદ્રા) બેન્કની હેઠળ કામ કરશે. એનો મુખ્ય હેતુ નોન કોર્પોરેટ લઘુ ઉદ્યોગ ક્ષેત્રને મદદરૂપ થવાનું છે. આ સ્કીમ હેઠળ એક લાખ રુપિયાની લોન આપવામાં આવશે. આ યોજનાનો બીજો હેતુ બેરોજગારો માટે રોજગાર ઊભા કરવાનો પણ છે.

આ યોજના ખૂબ જ મહત્વની છે, કારણ કે પોતાનો વ્યવસાય શરુ કરવા માંગતા કોઇ પણ નાગરિકને આ યોજનાનો લાભ મળી શકે છે અને એમાં દશ લાખ રુપિયા સુધીની લોન મેળવવાની સુવિધા છે.

**પ્રધાનમંત્રી મુદ્રા લોન યોજના ત્રણ વિભાગમાં વહેંચી દેવામાં આવી છે:**

૧. શિશુ કેટગરી: લઘુ ઉદ્યોગ શરુ કરવા માંગતા નાગરિકને આ યોજના હેઠળ ૫૦,૦૦૦ રુપિયા સુધીની લોન ૧૦ થી ૧૨ ટકાના વ્યાજ દરે મળી શકશે.

૨. કિશોર કેટેગરી: જે લોકોએ ધંધો શરુ કર્યો છે, પરંતુ એના સ્થાપિત કરી નથી શક્યા એ લોકો પોતાના ધંધાના વિકાસ માટે ૫૦,૦૦૦ રુપિયાથી પાંચ લાખ રુપિયાની લોન આ યોજના હેઠળ લઇ શકે છે. આ માટે એમણે ૧૪ થી ૧૭ ટકા વ્યાજ ચૂકવવાનું રહેશે.

૩. તરુણ કેટેગરી: જે લોકોના બિઝનેસ સ્થાપિત થઇ ચૂક્યા છે એ લોકો ધંધો વધારવા માટે દશ લાખ રુપિયા સુધીની લોન આ યોજના હેઠળ લઇ શકે છે. આ માટેનો વ્યાજ દર ૧૬ ટકા રહેશે.

**આ યોજનાનો લાભ આ લોકો લઈ શકે છે:**

**૧. નાના કારખાનેદારો, ૨. દુકાનદારો, ૩. ફળ અને શાકભાજી વેચતા ફેરિયા, ૪. કળાકારો**


જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

અથવા વૉટસએપ પર મોકલો

9769991922

9820302853

9322257731



# પ.પૂ.મુનિરાજશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના જન્મદિવસે સાંયરા મિત્ર મંડળ દ્વારા વધામણી અપાઈ

મહાભાગ્યથી મળી છે આપની છાયા, ગુરૂવર અમને લાગી તમારી માયા. ગુરૂદેવ એવા મજાના મળ્યાં છે, ખુશીના જાણે ખજાના મળ્યાં છે. એવી લાગણી, એવા ભાવ ભક્ત ગણના હૈયાથી નીકળે એવા પ.પૂ. મુનિરાજશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો તા. ૨૦ માર્ચ ૨૦૧૯, બુધવારના ૩૫મો જન્મ દિવસ હતો. આ દિવસની તેમને વધામણી સાંયરા મિત્ર મંડળના સદસ્યો તેમના દર્શન અને વંદન કરી આપ્યા હતા.

ચેમ્બુરને જન્મભૂમિ, કચ્છ બગડા વતન ભૂમિ, ભાંડુપને દિક્ષાભૂમિ બનાવનારા, સંપૂર્ણ પિસ્તાલીસ આગમ અક્ષરસઃ બે-બે વખત ગુજરાતીમાં વાંચન કરી આગમ જ્ઞાનને હૃદયસ્થ કરનારા યુ-ટ્યુબ ઉપર પ્રવચનનાં માધ્યમે વિશ્વભરના લોકોને વીરવાણી-જિન વાણીનો બોધ કરાવનારા, ચર્તુવિધિ સંઘના હજારો પૂણ્યાત્માઓની આંતરિક પ્રગતિ માટે કુશળ આધ્યાત્મિક માર્ગદર્શન આપનારા, ચારેય ફિરકાના તમામ સંપ્રદાયોના તથા અજૈનોને પણ મધુર આત્મીયજીવન શૈલીથી ભીંજવનારા પાટ પરંપરાથી ચાલી આવતા મંત્ર લિબ્ધ રહસ્યોને ગુરૂ સર્વોદય કૃપા દ્વારા ઝીલનારા એની આમન્યાઓ સમજનારા, વ્યવહાર અને નિશ્ચય નયનું અદ્‌ભૂત બેલેન્સીંગ કરનારા સમય સમય પર વિવિધ સંઘો સંસ્થા મંડળો મહાજનો ને યોગ્ય શાસ્ત્રીય દિશા નિર્દેશન કરી સન્માર્ગ બતાવનારા માર્ગદર્શક રાહબર એવા ગુરૂદેવની ધર્મ છાંયથી ભક્તગણ ધન્ય ધન્ય છે.






જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ભૂમિરાજ હિલ્સ નવી મુંબઈમાં પ્રથમવાર છ ગાઉની ભાવ યાત્રા યોજાઈ




ભૂમિરાજ ભૂપેન્દ્ર કસ્તુરી ચેરિટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ નવી મુંબઈ આયોજિત છ ગાઉની યાત્રા પ્રથમવાર નવી મુંબઈ સંઘમાં ભૂમિરાજ હિલ્સ, સેક્ટર ૩૦.૩૧ સી.બી.ડી. બેલાપુર નવીમુંબઈમાં તા. ૧૯ માર્ચ ૨૦૧૯ મંગળવાર રોજે ભક્તિ ભાવ ભર્યા માહોલમાં યોજાઈ.

પ્રાત સવારે ૬ કલાકે યાત્રાની શરૂઆત થઈ. ધર્મ પ્રેમીઓ ભાઈ બહેનોનો ઉત્સાહ હૈયે ઉછળતો હતો. યાત્રા બાદ સાધાર્મિક ભક્તિની સુયોગ્ય વ્યવસ્થા રખાઈ હતી. સાંજે ૫ થી ૮ સુધી ભક્તિ ભાવના, ગીત સંગીત, જમાવટ થઈ. મહાઆરતી કરાઈ. સમગ્ર ટેકરી પરિસરમાં લાઈટ સજાવટથી ભવ્યતાથી સુશોભન કરાયું હતું. ચૌવિહારની વ્યવસ્થા સૌ માટે કરાઈ હતી. જેનો ભાવિકોએ લાભ લીધો હતો.







# ભૂમિરાજ હિલ્સ નવી મુંબઈમાં પ્રથમવાર છ ગાઉની ભાવ યાત્રા યોજાઈ





યાત્રાળુઓ માટે બેલાપુરથી બસ વ્યવસ્થા રખાઈ હતી. વાહન લઈ આવેલ શ્રદ્ધાળુજનો માટે વેલે પાર્કિંગની સુવિધા હતી. આજનો ડ્રેસકોડ સફેદ રખાયો હતો. જેથી શ્વેત વસ્ત્રોથી ભૂમિરાજ હિલ્સ પરિસર સોહામણો દિસતો હતો.

આમ પ્રથમવારની છગાઉની ભાવયાત્રા ધર્મ ભક્તિનું ભવ્ય ભાથું સૌને આપ્યું હતું.









# શ્રી ભલારાદાદાની ૩૧મી સમૂહ પહેડીનું મુલુંડમાં આયોજન

શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા આ વર્ષે શ્રી ભલારાદાદાની ૩૧મી સમૂહ પહેડી ચંદ્રદર્શન ચૈત્રસુદ એકમ શનિવાર તા. ૬ એપ્રિલ ૨૦૧૯ ગુડીપડવાના દિને કાલિદાસ ઓપન ગ્રાઉન્ડ, પી.કે.રોડ, મુલુંડ પશ્ચિમ સ્થળે સાંજના ૪ કલાકથી આયોજન કરાયું છે. આ વર્ષની પહેડીના લાભાર્થીઓ માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા પરિવાર લાખણીયા-વડાલા, માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર રવા-ચેમ્બર, માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની પરિવાર સુથરી માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર હસ્તે નિલેશ રાપર ગઢવાળી ઘાટકોપર, માતુશ્રી નવલબેન મંગલભાઈ ખોના પરિવાર ધનરાજ કેટરર્સ કોઠારા મુલુંડ, માતુશ્રી રાજબાઈ પદમશી મોતા હસ્તે જયશ્રી ભરત મોતા પરિવાર કુવાપધ્ધર હૈદ્રાબાદ, શ્રીમતી પીંકીબેન કમલેશ ધરમશી જસાપર ભાંડુપ, માતુશ્રી વિજયાબાઈ કુંવરજી હરશી લોડાયા પરિવાર રાપર ગઢવાળી ભાંડુપ, માતુશ્રી શાંતાબાઈ પાસુભાઈ લોડાયા પરિવાર મોટી-ખાવડી-મુલુંડ, માતુશ્રી મણિબાઈ વાલજી ગોવિંદજી ખોના પરિવાર સાંઘવ-ઘાટકોપર, શેઠશ્રી ગોવિંદભાઈ દેવજી પટેલ મકવાણા-મુંબઈ, શેઠશ્રી દેવાંશ સમીર શામજી દંડ સાંધવ-મુલુંડ, માતુશ્રી માકબાઈ લખમશી મેઘજી ધુલ્લા હસ્તે યોગેશ ધુલ્લા કોઠારા-મુલુંડ તથા માતુશ્રી તરૂણાબેન ઝવેરચંદ હરશી લોડાયા હસ્તે મિતેશ રાપરગઢવાળી-મુલુંડ છે. પહેડીમાં હજી ત્રણ ભાગ્યશાળી પરિવારના નામ આવકાર્ય છે. આ પહેડીનો લાભ લેવા ઈચ્છતા દાતાશ્રી હજી પણ ફાળો આપી આ અમુલ્ય લાભ લઈ શકશે.

લાલપુર સ્થાનકે અદ્યતન કોમ્પલેક્ષના નિર્માણ કાર્યમાં સહભાગી થનાર લાભાર્થી પરિવારના ટ્રસ્ટ દ્વારા વિવિધ યોજનાના લકી ડ્રો સમૂહ પહેડીમાં કાઢવામાં આવશે. સમૂહ પહેડીમાં અને સહયોગી યોજનામાં સહયોગી દાતા થવા ઈચ્છનાર પરિવારએ કુલીન લોડાયા મો.નં. ૯૮૨૦૮૬૯૭૦૮નો સંપર્ક કરવો. શ્રી લાલપુર સ્થાનકે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમ તા. ૧૭, ૧૮ અને એપ્રિલ ૨૦૧૯ બુધવાર, ગુરૂવાર અને શુક્રવારના યતિશ્રી મોતીસાગરજી મ.સા.ના નિશ્રા હેઠળ ધ્વજા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ મહોત્સવમાં અને સમૂહ પહેડીમાં પધારી લાભ લેવાનું સૌને આમંત્રણ છે.



શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર (ગામ - સાયરા)

# કે.ડી.ઓ. જૈન સંઘ ભાંડુપ દ્વારા ક્ષેત્રપાળ દાદાની પહેડી





દર વર્ષના જેમ ક્ષેત્રપાળ દાદાની સમૂહ પહેડી ભાંડુપ જૈન સંઘના સૌ.એ સંગાથે મળીને જુવારે છે. તે મુજબ તા. ૧૭ માર્ચ ૨૦૧૯ રવિવારે ભાંડુપ મધ્યે યોજાઈ, દર મહિને બીજના દરેક પરિવાર પોતાના ઘરે પહેડી જુવારે છે અને માર્ચ મહિનામાં સૌ સાથે મળીને સમૂહમાં જુવારે છે.





# શ્રી શ્વેતાંબર જૈન સંઘ, ખિરકીયા(મ.પ્ર.)
# નેમિનાથ જિનાલયની ૧૭ મી વર્ષગાંઠ ઉજવાઈ

ખિરકીયા માં શ્રી નમિનાથ જિનાલય ની ૧૭ મી વર્ષગાંઠ ની ઉજવણી હર્ષોલ્લાસ થી ઉજવાઈ.

૨ માર્ચના અઢાર અભિષેક નો લાભ વિવિધ ૧૮ દાતાશ્રીઓ એ લીધેલ. અભિષેક દરમ્યાન સૂર્ય દર્શન કરાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી નાગડા, લાલા, ખિરકીયા પરિવારે તથા ચન્દ્રદર્શન કરાવવાનો લાભ માતુશ્રી વિજયાબાઈ રતનશી નાગડા, લાલા, ખિરકીયાપરિવારે લીધું.

૩ માર્ચના સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. જેમાં ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી નાગડા, લાલા, ખિરકીયા તથા માતુશ્રી સુમતીબાઈ સોમચંદ દંડ હસ્તે ડાયમંડ અશોક દંડ, વરાડીઆ, મુલુંડ પરિવારે ૯૯૯૯ મણમાં લીધેલ. આ પ્રસંગના વિધિકાર સંજયભાઈ, ઇંદૌર એ ધ્વજા ચડાવવાનો શું મહત્વ છે તે ખૂબજ સુંદર રીતે વતાવ્યા હતા. તથા સંગીતકાર રાકેશભાઈ નીમચ (મ.પ્ર.) થી પધારેલ. તેમની પાર્ટીએ ભારે રમઝટ જમાવી હતી.

સુંદર ફૂલો તેમજ ટમટમાતા દીવડા થી પૂરા જિનાલય ને મહાપૂજા ની જેમ સુંદર સજાવટ તથા નેમિનાથ દાદાની રાજશાહી વેશભૂષા સાથે સુંદર સલૂંણી આંગી રચના કરવામાં આવેલ.

શ્રી સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ. બંને દિવસ નાં બધાં જ કાર્યક્રમમાં  સંઘ નાં સર્વે સભ્યોએ ઉત્સાહ થી ભાગ લીધો તેમજ દરેક કાર્યમાં સૌએ સાથ સહકાર આપ્યો.

# વિશ્વમાં વધતી ગરમી અને ઓછી થતી ચકલીઓની સંખ્યા



વિશ્વમાં વધતી જતી ગરમી અને ઓછી થતી ચકલીઓની સંખ્યાંને ધ્યાનમાં રાખીને, માર્ચ ૨૦ વર્લ્ડ સ્પેરો ડે ના નિમિત્તે. પહેલી માર્ચ ૨૦૧૯ ના પાણી માટે માટીના પરબ તથા માટીના આર્ટીફીશીયલ ચકલીના માળા ૩ ઈંચની ખીલી સાથે T.D.G.L.P. School ના વિદ્યાર્થીઓને સ્કૂલના આંગણમાં મુકેશ માણેકજી લોડાયા, જૈન. કોચીન, જૈન ફાઉન્ડેશન (હોમ ફાઉન્ડેશન) દ્વારા વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે વિદ્યાર્થીને ''હું મનુષ્ય અને પક્ષીઓને હાનિકારક એવા પ્લાસ્ટીક, ટંગીશ અને માંજાના ડોરથી પતંગ નહી ચગાવું'' એવી પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી. આ પ્રસંગે સ્કૂલના મેદાનમાં એક ઝાડ પણ વાવવામાં આવ્યું જેના ફળો ફક્ત પક્ષીઓ માટે જ એવું એલાન કરવામાં આવ્યું.

**– ભાવના મુકેશ લોડાયા (કોચીન)**

# શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે ગિરનાર મહાતીર્થ ભાવયાત્રા

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના નેજા હેઠળ શ્રી સમકિત ગ્રુપ ગોરેગાંવ પ્રસ્તુત ગિરનાર મહાતીર્થ ભાવયાત્રાનું ભવ્ય આયોજન રવિવાર, તા.૩૧ માર્ચ ૨૦૧૯ના સવારે ૮.૩૦ કલાકથી શ્રી સુવિધિનાથ જિનાલય, કલ્પતરૂ ભવન, માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ) સ્થળે કરાયું છે. અચલગચ્છાધિપતિશ્રી રાષ્ટ્રસંત પ.પૂ.આચાર્ય ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.શ્રીના આજ્ઞાનુવર્તીની પ.પૂ.સા.શ્રી વીરાગગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા, પ.પૂ.સા.શ્રી વિશ્વ કીર્તિશ્રીજી મ.સા. આદિ ઠાણાની શુભનિશ્રામાં જ્યાં વર્તમાને વિશ્વની સૌથી પ્રાચીન પ્રતિમા બિરાજમાન છે. જ્યાં નેમનાથ ભગવાનના દિક્ષા, કેવલ, નિર્વાણ એમ ત્રણ કલ્યાણક થયા છે. જ્યાં આવતી ચોવીસીના ચોવીસે તીર્થંકર મોક્ષપદ પામવાના છે. એવા પરમ પાવન તીર્થ ગિરનારના ગૌરવવંતા ઈતિહાસનું દ્વારોદ્‌ઘાટન અને મહાતીર્થના માહાત્મ્યનું ગુણગાન કરીએ.

પ.પૂ.સાધ્વીશ્રી સંયમ પ્રિયાશ્રીજી મ.સા. ચારિત્ર અંગીકાર બાદ પ્રથમ વખત ડોંબિવલી સંઘમાં પધરામણી અને કુમારી મોક્ષા સોનલ દીપક મૈશેરીની ગિરનાર મહાતીર્થની ૯૯ યાત્રા આ પ્રસંગનું નિમિત્ત છે.

સકળ સંઘ માટે ભાવયાત્રા પછી સાધર્મિક ભક્તિનો લાભ રખાયો છે. ઉત્સવ ભાવના લાભાર્થી માતુશ્રી જયાબેન દેવશી મૈશેરી સિંધોડી નાની હસ્તે કુ. મોક્ષા સોનલ દીપક મૈશેરી છે.

# કોચીનમાં જૈન ફાઉન્ડેશન દ્વારા લાઈફ સેવિંગ રિંગ બોયા સ્થાવાયા





મુકેશ માણેકજી લોડાયા., જૈન, દ્વારા સંચાલિત જૈન ફાઉન્ડેશન, કોચીન દ્વારા હાલમાં કોચીનના ફોર્ટ કોચી ક્ષેત્રમાં ઝંગાર જેટીએ ઝંગારમાં ચડતા એક વ્યક્તિની પાણી(ખાડી)માં પડી જવાથી દુર્ઘટના સર્જાઈ હતી. ભવિષ્યમાં આવી દુર્ઘટના થાય તો પડી જતી વ્યક્તિને બચાવવામાં સહાય રૂપ થવા માટે બોયા ત્યાં હાથ-વગા હોવાની અત્યંત જરૂરીયાતને ધ્યાનમાં રાખી ને ચાર બોયા ઝંગાર જેટી તથા બાજુની જ ટુરીસ્ટ જેટી પરની રેલિગં પર હુકમાં લગાડવામાં આવ્યા. તેનું ઉદ્‌ઘાટન MLA -K.J. મેક્સી દ્વારા ટુરીઝમ પોલીસ તથા નગર જનોની હાજરીમાં ૪ માર્ચ ૨૦૧૯ ના દિવસે કરવામાં આવ્યું.

**– ભાવના મુકેશ લોડાયા**







# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન
# કે.ડી.ઓ. કોલ સેન્ટર માટે જરૂરત છે મેનેજરની

કેડીઓ કોલ સેન્ટરને જરૂર છે એક કોલ સેન્ટર મેનેજરની જેમાં ભરપૂર આત્મ વિશ્વાસ હોય, બધા મહાજનોને સાંકળવાની તૈયારી મહાજનો અને તેમના અધિકારીઓ સાથે વિચાર વિમર્શ કરી જરૂરી જ્ઞાન ભેગું કરી જ્ઞાતિજનોને મદદ રૂપ થવાની પ્રબળ ભાવના કોમ્પ્યુટર નોલેજ તથા બેઝિક ઈંગ્લિશ જાણકારી જરૂરી છે. કોઈપણ જ્ઞાતિજનમાં આ એબિલીટી હોય તેમણે પોતાની અરજી ૯૯૨૦૯૩૫૪૧૪ માં વૉટ્સએપ અથવા પીડીએફ ફોર્મેટમાં મોકલવી.

પગારનું ધોરણ રૂ.૨૫ હજાર કે તેથી વધુ પણ. લાયક ઉમેદવારો ત્વરીત પોતાનો બાયોડેટા મોકલે. લેડિઝ કે જેન્ટસ બંન્ને પ્રીફરેબલ કેડીઓ ઉમેદવારને પ્રથમ પસંદગી.

## શ્રી સમસ્ત મહાજનના પ્રોજેક્ટ ટીમ સ્વાભિમાનમાં જોડાવા બાબત

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના અંતર્ગત સિનિયર સિટીઝન માટેના પ્રોજેક્ટ ટીમ સ્વાભિમાનમાં જોડાવા ડોંબિવલી અને ડોંબિવલી આસપાસના પરિસરમાં વસતા સિનિયર સિટીઝનો એ પોતાના ફોર્મ ભરી પહેલામાં વહેલી તકે નીચે આપેલ સભ્યોને પહોંચતા કરવા.

પીડીએફ ફાઈલમાં ટીમ સ્વાભિમાન પ્રોજેક્ટની સંપૂર્ણ વિગત, કાર્ય ઉદેશ, યોજના અને ભરવા માટેનું ફોર્મ આપવામાં આવ્યું છે.

ફોર્મ ભરીને આપવા માટે નામ-સરનામા અને સમય

શ્રી રાયચંદ દેવશી જીવાણી (જખૌ) મો.નં.૮૭૭૯૮૭૫૧૦૯

બી-૬, મધુબન એપાર્ટમેન્ટ, ઘનશ્યામ ગુપ્તે રોડ, જૈન મંદિરની સામે, ડોંબિવલી (પશ્ચિમ). સમય : સવારે ૮ થી ૯, રાતે ૮ થી ૯.

શ્રી ચેતન લહેરચંદ નાગડા (નલિયા) મો.નં.૯૮૨૦૧૦૫૦૭૮

૨૦૨, સુરેખા છાયા, ગાંવદેવી એરિયા, સાંગલી બેંક સોસાયટીની બાજુમાં, ડોંબિવલી (પશ્ચિમ). સમય : રાતે ૮ થી ૧૦.

શ્રી ગિરીશ માણેકજી નાગડા (નલિયા) મો.નં.૭૦૨૧૯૨૨૭૩૩

એ-૯, છોટુસિંહ એપાર્ટમેન્ટ, શિવ મંદિર રોડ, ડોંબિવલી (પૂર્વ). સમય : બપોરના ૩ થી ૬.

## શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી આયોજિત યોગ ક્લાસીસ

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી દ્વારા યોગ ક્લાસીસ શરૂ કરાશે. જેમાં બહેનોએ નામ લખાવેલ છે. હજી પણ કોઈ બહેનોને યોગ ક્લાસીસમાં જોડાઈ લાભ લેવાની ઈચ્છા ધરાવે છે તેઓ ફી ભરીને જોડાઈ શકે છે.

રવિવાર, તા.૨૪ માર્ચ ૨૦૧૯ સાંજના ૪.૧૫ કલાકે શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના કાર્યાલય પર સમયસર પધારવા વિનંતી. વધુ માહિતી માટે સંપર્ક ગિરીશ માણેકજી નાગડા (નલિયા)-૭૦૨૧૯૨૨૭૩૩, માનદમંત્રી-મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર).

# મહાતપસ્વી પ.પૂ.મુનિપ્રવરશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. આદિઠાણા ૩નું કિલપોકે સંઘમાં ભવ્ય સામૈયું



રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીગુણસાગર સૂરિશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી, દક્ષિણ રત્ન મહાતપસ્વી પ.પૂ.મુનિપ્રવર ગુરૂદેવશ્રી ધર્મ પ્રભસાગરજી મ.સા.આદિઠાણા -૩ ચેન્નાઈ નગરે તા.૪ માર્ચ ૨૦૧૯ સોમવાર રોજે પધાર્યા છે. ત્યાંથી વિહાર કરતા વિભિન્ન સંઘો પોસર, ટી નગર, મૈલાપુર, આદુકારપેટ (આરાધના ભવન) ચૂલૈ, વેપેરી, પુરસ વાકમમાં શ્રાવક શ્રાવિકાઓને શ્રવણલાભ આપેલ.

તા. ૨૨-૩-૨૦૧૯ શુક્રવારના કિલપાકમાં મ.સા. આદિઠાણાનું સામૈયું ભાવથી ભવ્ય રીતે કરાયું. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ગુરૂવર્યની પધરામણીને લીધે ધન્યતા અનુભવી હતી.









# પ.પૂ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. આદિઠાણાનો દંતાણી તીર્થ પ્રવેશ





પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. આદિઠાણા તા. ૧૯ માર્ચ ૨૦૧૯ મંગળવાર રોજ રાજસ્થાનના દંતાણી તીર્થમાં ધામધૂમથી પ્રવેશ કર્યો. સકલ સંઘના શ્રાવક શ્રાવિકાઓએ તેમનું સામૈયું કરી ધન્ય અને ભાવથી ગદગદ થયા હતા.

પૂજ્ય શ્રી ભગવંત તા. ૨૩ માર્ચ શનિવાર સુધી અત્રે સ્થિરતા રહેશે અને સંઘના ધર્મલાભ આપશે. ત્યાર બાદ ભારતની સરહદ રામજી કી ગોલતીર્થ પધારશે.






**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● મુંદરા નગરની સ્વૈછિક સંસ્થા જન સેવા દ્વારા 'ખીચડીઘર' ૧૫૦ ગુરૂવાર પૂર્ણ કરતા દાતાઓ ને સન્માન વાનો કાર્યક્રમ યોજાયો.

● નખત્રાણા તાલુકાના નાના અંગિયા ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષકએ બાળકોમાં વધતા જતા જંકફૂડ અને તૈયાર નાસ્તાના પડીકાને લીધે આરોગ્યને થતા નુકશાનથી બચાવવા માટે તેમજ શરીરને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે નવતર પ્રયોગ હાથ ધર્યો છે. જેમાં વિદ્યાર્થીઓ દરરોજ ઘરે બનાવેલા નાસ્તો લઈ આવનાર વિદ્યાર્થીઓ માંથી દર મહિને શ્રેષ્ઠ વિદ્યાર્થીને એક સો અગ્યાર રૂપિયાનો રોકડ પુરસ્કાર આપવાનું શરૂ કર્યુ છે. દૈનિક નાસ્તાના ચકાસણી કરીને ઘરે બનાવેલા નાસ્તાના ફાયદાની ચર્ચા કરવામાં આવે છે. બાફેલા મગ, ચણા, ફણગાવેલા કઠોળ, સેવ-મમરા, બટેટા પૌવા, મગફળી ગોળ, ખારીશીંગ, દાળીયા, ઋતુ અનુસાર ફળ, રોટલી-શાક, અથાણા જેવી ખાદ્ય સામગ્રી પર ભાર મૂકવામાં આવે છે. સાથે સાથે દર મહિને વાલી મિટીંગ બોલાવી દરેક વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષમતા તેમજ કચાશ તેમજ વાલીઓના સૂચનાને ધ્યાનમાં લઈ યથા યોગ્ય કરવામાં આવે છે.

● ગુજરાત રાજ્યભરમાં જાહેર રીતે મેડિકલ સારવારમાં ૧૦૮ નંબર તાત્કાલિક એમ્બ્યુલન્સ સારવાર મળી રહે એ માટે નો છે. માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત જી.કે જનરલ હોસ્પિટલ ભુજમાં ઉજવણી પ્રસંગે દસથી વધુવાર લોકોના જીવ બચાવવાની નેમમાં ૧૦૮ નંબર પર કોલ કરી અગત્યનો ફાળો આપનાર વિનોદભાઈ પટેલનું સન્માન કરાયું.

● આદિપુરની અને તોલાણી કોર્મસ કોલેજની છાત્રા નિશા જમનાદાસ નાગરાણી હાલમાં જયપુર ખાતે યોજાયેલી 'વોગીશ મિસ ઈન્ડિયા ૨૦૧૯' સ્પર્ધામાં ૬૫૦૦ સ્પધકોએ ઝૂકાવ્યું હતું. જેમાં પ્રશ્નોતરી, બૌદ્ધિક, કસોટી સહિતના વિવિધ રાઉન્ડના અંતે બેસ્ટ પર્સનાલિટી મિસઈન્ડિયા અને મિસઈન્ડિયામાં છઠો ક્રમાંક મેળવ્યો. તેને ગુડુ રૂપાણીએ માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. આ સફળતા માટે સિંધી સદાબહાર ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ સિંધી યૂથ સર્કલ વિગેરેને યશભાગી ગણાવતા હતા. તેણીએ રાયફલ શૂટિંગમાં પણ રાજ્ય કક્ષા સુધી ભાગ લીધો છે.

● મહાત્મા ગાંધીજીનું ૧૫૦મું જન્મ જયંતિ વર્ષ સમગ્ર દેશમાં ઉજવાઈ રહ્યું છે. જેના ભાગ રૂપે કચ્છ યુનિ વર્સિટીમાં બે દિવસનો આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં પૂ. બાપૂના અપ્રાપ્ય, અલભ્ય. પુસ્તકોનું યુનિવર્સિટીના સહયોગથી યોજાયું. આ સિવાય કચ્છના વિષયોને લગતા તેમજ જૂના ધાર્મિક સાંસ્કૃતિક સાહિત્યના ગ્રંથોની હસ્તપ્રત અને દુર્લભ ફોટોગ્રાફ પણ પ્રદર્શનમાં રાખવામાં આવ્યા હતા.

● સરકાર સરોવર નિગમના ડાયરેક્ટર અને પૂર્વ ધારાસભ્ય મુકેશભાઈ ઝવેરીની પુત્રી ડૉ. ક્રિષ્મા અને જમાઈ કૃણાલ ઠાકરના લગ્ન સંસ્કાર ઉત્સવની ઉજવણી નિમિતે જીવદયા અને માનવ સેવાર્થે રૂા. પોણા કરોડનું દાન વિવિધ સંસ્થાઓને લગ્ન સંસ્કાર વિધિથી પહેલાં જ અર્પણ કરીને પછી દાંપત્ય બંધને જોડાયા.

# જીવન ઘટમાળ

**● જન્મ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૩-૨૦૧૯ | યુ.એસ.એ. | અયાન માસૂમી મિહિર સોમચંદ ધરમશી | સુથરી | પુત્ર |

**● આંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૩-૨૦૧૯ | ઘાટકોપર | ડૉ. દીપ જીતેન્દ્ર હીરાચંદ મૈશેરી | લાલા | ૩૨ |
| | નેપાલ | ડૉ. સનમ સોમરાજ હરિનારાયણ પૌડયાલ | નેપાલ | ૨૬ |

**● આંતરજ્ઞાતિ લગ્ન ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૨-૨૦૧૯ | મુલુંડ | ઉજ્વલ ચાંપશી ડુંગરશી હેફા | જખૌ | ૩૫ |
| | પવઈ | રાધિકા દિક્ષીત છોટાલાલ આર્ય | પૌરબંદર | ૩૧ |

**● સગપણ છુટા ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૩-૨૦૧૯ | મુલુંડ | રિંકેશ વિનોદ હંસરાજ લોડાયા | આરીખાણા | ૨૬ |
| | ગદગ | લિપિ કુમારપાલ નવીનચંદ લાલકા | લાલા | ૨૧ |

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૩-૨૦૧૯ | ભાંડુપ | વિજય નવીનચંદ્ર છેડા | વારાપધર | ૫૦ |
| ૧૬-૦૩-૨૦૧૯ | જખૌ | નવીનચંદ્ર માલશી નાગડા | જખૌ | ૭૨ |
| ૧૯-૦૩-૨૦૧૯ | કોઠારા | મણિલાલ વિસનજી વિકમશી | કોઠારા | ૬૯ |
| ૨૧-૦૩-૨૦૧૯ | ડોંબિવલી | જવેરચંદ રામજી લોડાયા | સાંયરા | ૭૦ |
| ૨૨-૦૩-૨૦૧૯ | કાંજુરમાર્ગ | મહેંદ્ર નવીનચંદ્ર વિકમશી | વરાડિયા | ૬૧ |
| ૨૨-૦૩-૨૦૧૯ | ડોંબિવલી (૫) | શૈલેશ લક્ષ્મીચંદ દંડ | લેણી | ૪૧ |

# બેંક અકાઉન્ટની વિગત

## For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર



રજીસ્ટ્રેશન નંબર : A ૧૦૩૯

લાલપુર, જિ. જામનગર - ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫-૨૭૩૩૪૮

**મુંબઈ ઓફીસ :** યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧, યુનિર્વસલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેબુર (વે), મુંબઈ - ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯

## આ વર્ષે શ્રી ભલારાદાદાની ૩૧મી સમુહ પહેડી
## ચૈત્ર સુદ ૧ને ગુડીપાડવા શનિવાર તા.૬-૪-૨૦૧૯ના સાંજના ૪ કલાકથી
## કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ, પી.કે.રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૮૦ ખાતે રાખેલ છે.

**આ વર્ષની પહેડીના લાભાર્થીઓ નીચે પ્રમાણે છે**

- ❖ માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા પરિવાર (લાખણીયા-વડાલા)
- ❖ માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર (રવા-ચેમ્બુર)
- ❖ માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની પરિવાર (સુથરી-જુહુ)
- ❖ માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર હસ્તે નિલેશ (રાપરગઢવારી/ઘાટકોપર)
- ❖ માતુશ્રી નવલબેન મંગલભાઈ ખોના પરિવાર (ધનરાજ કેટરર્સ) (કોઠારા-મુલુંડ)
- ❖ માતુશ્રી રાજબાઈ પદમશી મોતા-હસ્તે જયશ્રી ભરત મોતા પરિવાર (કુવાપધર-હૈદ્રાબાદ)
- ❖ શ્રીમતી પીંકીબેન કમલેશ ધરમશી (જસાપર-ભાંડુપ)
- ❖ માતુશ્રી વિજયાબાઈ કુંવરજી હરસી લોડાયા પરિવાર (રાપરગઢવાળી-ભાડુંપ)
- ❖ માતુશ્રી શાંતાબાઈ પાશુભાઈ લોડાયા પરિવાર (મોટી ખાવડી-મુલુંડ)
- ❖ માતુશ્રી મણીબાઈ વાલજી ગોવિંદજી ખોના (શાહ) પરિવાર (સાંધવ/ઘાટકોપર)
- ❖ શેઠશ્રી ગોવિંદભાઈ દેવજી પટેલ (મકવાણા-મુંબઈ)
- ❖ શેઠશ્રી દેવાંશ સમીર શામજી દંડ (સાંધવ-મુલુંડ)
- ❖ માતુશ્રી માકબાઈ લખમશી મેઘજી ધુલ્લા હસ્તે યોગેશ ધુલ્લા (કોઠારા-મુલુંડ)
- ❖ માતુશ્રી તરૂણાબેન ઝવેરચંદ હરશી લોડાયા હસ્તે મિતેશ (રાપરગઢવાળી-મુલુંડ)

**આ પહેડીનો લાભ લેવા ઈચ્છતા દાતાશ્રી હજુ પણ ફાળો આપી, આ અમુલ્ય લાભ લઈ શકશે.**

**પહેડીમાં હજી ત્રણ ભાગ્યશાળી પરિવારના નામ આવકાર્ય છે.**

**લાલપુર સ્થાનકે થઈ ગયેલ નવા અદ્યતન કોમ્પલેક્ષમાં નિર્માણ કાર્યમાં સહભાગી થનાર લાભાર્થી પરિવારના ટ્રસ્ટ દ્વારા વિવિધ યોજનાના લકી ડ્રો આ પહેડીમાં કાઢવામાં આવશે**

## લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના તા.૧૭,૧૮ અને ૧૯ એપ્રિલ ૨૦૧૯ના યતિશ્રી મોતીસાગરજી મ.સા.ના નિશ્રા હેઠળ ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

**આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ**

**આ સમુહ પહેડીમાં અને સહયોગી યોજનામાં સહયોગી દાતા થવા ઈચ્છીનાર પરિવારએ કુલીન લોડાયા-૯૮૨૦૮૬૯૭૦૮ પર સંપર્ક સાધી શકે છે.**

**લિ. ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

## (ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**karani**

insurancekhoj@gmail.com ◆ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO

Gyatimaiya
Weekly E-magazine

KDO